# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૪૯. પૂ. ચંદ્રિકાબેન મચ્છર

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. મધુબેન |
| પિતાનું નામ | : | પૂ. મણિભાઈ |
| ભાઈ | : | પૂ. મુકેશભાઈ |
| બહેન | : | પૂ. પ્રજ્ઞાબેન, પૂ. સરોજબેન, પૂ. જયશ્રીબેન, પૂ. દીનાબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | ખત્રી, બ્રહ્મક્ષત્રિય |
| અભ્યાસ | : | S. S. C. |
| ભગવાનની અનુભૂતિ | : | માર્ચ, ૧૯૬૬ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૬ |

## સાધનાનું બ્રહ્મસૂત્ર : માહાત્મ્યેયુક્ત સેવા કર્યા કરવી.

પૂ. ચંદ્રિબેનના ઘરમાં તેમના ફોઇ જમનાબેન વીંછી થકી પ્રત્યક્ષનો સ્વામિનારાયણનો સત્સંગ થયો. મધુભાઇ પહેલાં વઢવાણ રહેતાં ત્યાંથી વ્યાપાર અર્થે મુંબઇ રહેવા ગયા. ચંદ્રિબેન ભણતાં ત્યારે સ્કૂલમાં 'સ્ત્રી કેળવણી' પર નિબંધ લખ્યો ને પ્રથમ પુરસ્કાર મેળવ્યું હતું.

તારદેવનો જોગ થયો પરંતુ તેમને ભગવાન ભજવા તેવું ન હતું તેથી તારદેવ ન જાય. એકવાર સ્કૂલે જતાં રસ્તામાં અકસ્માત જોયો ને થઇ ગયું કે માણસનું જીવન આવું ? ને ભગવાન ભજવાનું નક્કી કરીને તારદેવ આવ્યા ને પ્રથમ દર્શને જ પૂ. દીદીને ગુરૂપદે સ્વીકારી લીધા. માર્ચ ૧૯૬૬માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. ને પ્રથમ ૫૧ બહેનોમાં નંબર લાગ્યો. ૧૯૬૬માં કાષાંબરી દીક્ષા મળી.

૧૯૬૬માં જ્યોતમાં આવ્યા પછી રસોડું, મંદિર, સફાઇ, બાગકામની સેવા કરી છે. અક્ષર ખૂબ સુંદર તેથી પત્રલેખન કરતાં અને પ્રકાશનમાં પપ્પાજી અને સદ્‌ગુરૂ સ્વરૂપોના પ્રવચન લખવાની સેવા કરતાં. દીદીને રાજી કરવાની ઇચ્છા રહેતી. તેથી પોતાનું મન માને કે ન માને પણ આજ્ઞા પાળવાનું અનુસંધાન રાખતાં. સ્વાધ્યાય, ભજનની ટેવ હતી. પોતાના ફાળે આવેલી સેવા સ્વધર્મેયુક્ત ગરજુ થઇને કરી છે. જયુબેન, લીલાબેન સાથે મિત્રતા રાખી સમાગમ કરી સૂઝ મેળવતાં.

તેમના દેહમાં કેન્સર જેવી બીમારી આવી તો પણ ઉંધા સૂઇને પણ પ્રવચન લખતાં, આ જ તેમનો સાધનાનો ખપ બતાવે છે. પપ્પાજી દીદીનું સ્મરણ કરતાં થકા નિર્વાસનિક બનીને તા. ૨૮-૦૮-૧૯૮૨ના રોજ દેહનો ત્યાગ કર્યો.

આવા ચંદ્રિબેનને સહુ સાધકોના પ્રણામ !!!



## ૫૦. પૂ. ભગવતીબેન પટેલ

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. કલાબેન |
| પિતાનું નામ | : | પૂ. ધનજીભાઇ |
| ભાઇ | : | પૂ. હીરાભાઇ, પૂ. લાલજીભાઇ, પૂ. શશીકાંતભાઇ, પૂ. પ્રવિણભાઇ |
| બહેન | : | - |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ – ૮ |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૫-૦૩-૧૯૬૫ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |

કેન્દ્ર નંબર : ૩૭

## સાધનાનું બ્રહ્મસૂત્ર : આનંદ કરવો.

પૂ. ભગવતીબેનને નાનપણથી એવું હતું કે, પરણવું તો નથી. ભગવાન ભજવા છે પણ કેવી રીતે અને ક્યાં એ ખબર નો'તી. તેઓ બોરીવલીમાં રહેતાં હતાં. ત્યાં તેમને ગંગાભાભી કાનજીભાઇનો જોગ થયો. ગંગાભાભીને થાય, આ છોકરીને હું તારદેવ લઇ જાઉં. તેમણે ભગવતીબેનને કહ્યું, 'ભગવતી તું મારી સાથે તારદેવ આવ.' ભગવતીબેન તો તારદેવ ગયાં. ભગવતીબેનને તો કાંઇ ખબર નહીં કોઇને ઓળખે નહીં એટલે એ તો ચંપલ કાઢીને બહાર ઉભાં રહ્યાં. ત્યાં કમળાબાની નજર પડી ને તેમને બોલાવ્યા ને કહે, 'બોન મારા પગ દબાવી દે ને !' એમણે પગ દબાવ્યા. પછી કહે, 'આ બાજુથી બાબુભાઇની રૂમમાંથી અંદર જઇશ એટલે રસોડું આવશે ત્યાં ગંગાભાભી હશે.'

પપ્પાજી તેમની રાહ જોઇને જ જાણે બેઠા હોય તેમ પપ્પાજીએ કહ્યું, 'આવી ગઇ તું ભગવતી !' ને ભગવતીબેનને આશ્ચર્ય થયું કે મારું નામ કેવી રીતે જાણ્યું ? હું તો પહેલી જ વખત આવી છું ! ત્યાં તો પપ્પાજીએ પૂછી લીધું, 'ભગવાન ભજીશ ને ?' તેમનાથી હા પડાઇ ગઇ. પપ્પાજી કહે, 'તેં હા પાડી છે ને તો હું જ્યાં જઇશ ત્યાં તને લઇ જઇશ.' આમ તારદેવની અવર – જવર ચાલુ થઇ. પૂ. હંસાદીદીનો જોગ થયો ને દીદીનો ગુરૂપદે સ્વીકાર થયો. ને ૧૯૬૫માં ગુરૂહરિ પપ્પાજીએ આતમમાં સ્થાન લીધું ને જન્મો જનમના સુખિયા કરી દીધાં.

૧૯૬૬ના મે મહિનામાં બહેનો સાથે વિદ્યાનગર આવ્યાં ને કૃપામાં પ્રથમ ૫૧મા નંબર લાગી ગયો ને કાષાંબરી દીક્ષા મળી. ને સાધનામાં આદર્શ શોભનાબેનને રાખ્યાં ને પ્રપત્તિના અંગે સાધના શરૂ કરી.

જ્યોતમાં આવ્યા પછી રસોડું, મંદિર, સફાઇ, કુલર, સિવણ, પત્રલેખન, પ્રકાશન, ડો.વીણાબેનના સેવક તરીકે આવી ઘણી સેવાઓ કરી. ઘરે કાંઇ કર્યું ન હતું પણ તારદેવથી સિંચન મળ્યું હતું કહે એમ કરવાનું. તેથી તે પ્રમાણે કરી સ્વરૂપોની પ્રસન્નતાનું પાત્ર બન્યાં. સ્વભાવે ખૂબ રાંક, નિર્માની, નમ્ર, મિત્તભાષી પણ મનમાં ગુરૂહરિ પપાજીની સ્મૃતિ અને ભજન કર્યા જ કરે છે. દરેક મુક્તો સાથે

હળીમળીને રહી શકે. દરેક સેવા સ્પષ્ટતા, ચોક્કસાઇ, ચીવટાઈથી કરે. તેમને સ્વાધ્યાયની ખૂબ ટેવ છે. પરાભક્તિની સૌરભ અને અનુપમ ભાગ – ૫ તેમના પ્રિય પુસ્તકો છે. તેઓ ડો. વીણાબેનનો ખૂબ માહાત્મ્યથી સમાગમ કરે છે.

ચીજ, વસ્તુ, પદાર્થમાં બિલકુલ વૃત્તિ જ નહીં એવી સાધુતા. અત્યારે તેમને દેહમાં ઘણી બિમારી છે પણ દેહ અને દેહભાવ ગણ્યા વગર દરવાજાની, C.O. ની અને પ્રકાશનની સેવા કર્યા જ કરે છે. સેવામાં જ માલ મનાય ગયો છે. સેવા અને ભજનને પોતાના સાથીદાર બનાવી દીધા છે.

આવા ભગવતીબેનને અમ સહુ સાધકોના ભાવે વંદન !!!



## ૫૧. પૂ. કુંદનબેન વીંછી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. ગોદાવરીબેન |
| પિતાનું નામ | : | પૂ. મગનભાઇ |
| ભાઇ | : | પૂ. ધીરેન્દ્રભાઇ |
| બહેન | : | પૂ. વિજ્યાબેન, પૂ. વસંતબેન, પૂ. હર્ષદાબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | ખત્રી, બ્રહ્મક્ષત્રિય |
| અભ્યાસ | : | S. S. C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૬-૦૮-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૮ |

## સાધનાનું બ્રહ્મસૂત્ર : બે હાથ જોડી કહે તેમ કરવું.

પૂ. કુંદનબેનનો જન્મ સ્વામિનારાયણ ધર્મ પાળતા કુટુંબમાં થયો હતો. પણ તેઓને પ્રગટ અને પ્રત્યક્ષની કાંઇ ખબર ન હતી. જમનાબેન વીંછીં તેમના કાકી થાય જેમને પ્રત્યક્ષનો જોગ હતો ને તારદેવનો જોગ હતો. અને કુંદનબેનને સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આ સંબંધથી તારદેવનો જોગ થયો. ઘરમાં તેમના ભાઇને એવું હતું કે, કુંદન ભગવાન ભજે તો સારું. પણ કુંદનબેનને પોતાના સ્વભાવની ખબર કે મને ગુસ્સો બહુ ચડી જાય છે એટલે મન ના પાડે. આઠમા કે નવમા ધોરણમાં હતાં ત્યારથી એવું થાય કે મારે કંઇક જુદું કરવું છે પણ સાથે એમ પણ થયા કરે કે, શું કરીશ ? પાસે પૈસા નથી, ભણતરમાં હોંશિયારી નથી તો કેવી રીતે થશે ?

જમનાબેનની કુંદનબેન પર કૃપા કે તેઓ તેમને કહ્યા જ કરે કે, 'તું ભજન કર, એક વખત બાપાની થઇ જા પછી તારે જે કરવું હોય તે કરજે.' એમ કરતાં ૧૯૬૨માં તેમને ભયંકર શીતળાનો રોગ થયો. બચવાની કોઇ આશા જ નહીં. બારીમાં યમરાજ ઉભા હોય ને ડાચિયા કરતા હોય તેવું દેખાય ને તેમનાથી બૂમો પડાઇ જાય. તેમના બા – બાપુજીને થઇ ગયું કે, કુંદન હવે બચશે નહીં. તેથી તેમની સામે બેસી ને કૃષ્ણલીલાની ચોપડી વાંચે. એક દિવસ કુંદનબેનથી પ્રાર્થના થઇ ગઇ કે, 'હે જોગીબાપા તમે મને સાજી કરી દ્યો તો હું ભગવાન ભજીશ.' અને સાજા થવા માંડ્યા. સાજા થઇ ગયા પછી પાછું લુચ્ચું મન કહે કે, સંકલ્પ કર્યો છે પણ તારો સ્વભાવ એવો નથી. એમ કરીને પાછું પાડે. એ જ અરસામાં વિમળાબેન મોદીનો જોગ થયો. ત્યાં સેવા કરવા જાય પણ ભગવાન ભજવામાં મન ઢચુંપચું થયા જ કરે.

૧૯૬૬માં ૫૧ બહેનો વિદ્યાનગર જાય છે એ ખબર પડી પછી તેમને થયું કે, મારે તો જવું જ છે નંબર લગાવવો જ છે. ને ભજન શરૂ થઇ ગયું. જોગીબાપા ને પપ્પાજીએ ભજન સાંભળ્યું ને સહેલાઇથી રજા મળી ગઇ ને જ્યોતમાં નંબર લાગી ગયો. કાષાંબરી દીક્ષા મળી ગઇ. સત્સંગમાં કાંઇ સૂઝ ન હતી પણ અહીં આવ્યા પછી પપ્પાજી અને જ્યોતિબેનની કૃપાથી ધીમે ધીમે સૂઝ પડતી ગઇ.

સવિબેનનો જોગ આપ્યો ને ભગવાન ભજવાના માર્ગે કૃપામાં ચડાવી દીધા. રૂપાંતર કૃપામાં કર્યું. ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ આતમમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. જ્યોતિબેનને આદર્શ રાખી પ્રીતિના અંગે સાધના શરૂ કરી.

કુંદનબેને રસોડું, સફાઇ, મંદિર, શાક, ઓફિસ, પ્રકાશન, દિવ્યદીપ, સિવણની ટુકડીમાં સેવા કરી છે. ઇન્દુબેનની વરણી અમદાવાદ માટે થઇ પછી બ્રહ્મસમાજની મૂડી એવાં સોનાબાની સેવા કરીને બાની તેમજ સ્વરૂપોની પ્રસન્નતા મેળવી લીધી. ઘણાં વર્ષો સુધી દિવ્યદીપ મકાનમાં મહેમાનોનો ઉતારો રાખે ત્યાં આગતા સ્વાગતા માટે રહ્યાં. ખૂબ માહાત્મ્યથી સેવા કરી. અત્યારે પણ તેઓ દરવાજાની, C.O. ની સેવા હજુ પણ કરે છે. અને તેમની પસંદગી મંદાબેન સાથે નરોડા જ્યોતમાં જોડ માટે જ્યોતિબેને કરી છે ને તેઓ આ આજ્ઞા પાળવા તૈયાર રહે છે. સ્પષ્ટતા, ચોકસાઇ, ચીવટાઇ ને કરકસરનો ગુણ તેમનામાં જબરો છે.

કુંદનબેનને પપ્પાજીએ અને સ્વરૂપોએ જે સ્મૃતિ આપી હોય તેની નોટમાં લખી લેવાની ખૂબ જ સરસ ટેવ. જે અત્યારે તો બધાને ખૂબ જ સ્મૃતિમાં રાખે છે જે નાની બહેનોને તો ખબર પણ ન હોય એવી સ્મૃતિઓ તેમની પાસે છે. આમ બધાની મૂર્તિ લૂંટે છે. ગુરૂની મરજીમાં હંમેશા ભળી ગયાં ને ખપી ગયાં. પોતાને કાંઇ જોઇએ જ નહીં તેવી પૂર્ણ સાધુતા. ધૂન, ભજન ને સ્વાધ્યાયમાં આદર્શ સાધક બનીને જીવન જીવી રહ્યાં છે.

એવા કુંદનબેનને સહુ સાધકોની ભાવ વંદના !!!



## ૫૨. પૂ. ઈલાબેન ઠક્કર

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. રામકુંવરબેન |
| પિતાનું નામ | : | પૂ. જેઠાભાઈ |
| ભાઈ | : | - |
| બહેન | : | પૂ. તારાબેન, પૂ. પદ્માબેન |
| મૂળધર્મ | : | માતાજીના ઉપાસક |
| જ્ઞાતિ | : | લુવાણા |
| અભ્યાસ | : | ધોરણ - ૭ |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૫-૦૭-૧૯૭૧ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૯ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગુરૂહરિ અને ગુરૂ રાજી થાય એવું જીવન જીવવું છે.**

પૂ. ઈલાબેનના કુટુંબમાં પૂ.. ચંદનબેન તન્ના અને પૂ.. જ્યોત્સનાબેન બદિયાણી થકી સત્સંગ થયો. નાનપણથી જ ખૂબ રંગીલા, મોજીલા અને મસ્ત હતા ઈલાબેન. નાનપણથી જ પરણવું જ છે એવો દ્રઢ નિશ્ચય હતો. ચંદનબેને તેમને દાદર મંદિરના સંતોના મસાલા ખંડાય છે તેમાં ભેળસેળ ન થાય તે માટે બેસાડ્યા. ઈલાબેન ખૂબ બુધ્ધિશાળી. તેમણે કહ્યું કે, 'હું આ સેવા કરીશ પણ મારે પરણવું છે. સરસ છોકરો, પૈસો, બંગલો, ગાડી બધું જ જોઈએ છે. જીવનમાં હું દુઃખી ન થવી જોઈએ.' ચંદનબેને કહ્યું, 'હા તને બધું જ મળશે પણ તું આ સેવા કરજે.' ઈલાબેને ખૂબ ચોકસાઈ ને ચીવટાઈથી ત્રણ દિવસ બેસીને આ સેવા કરી. ચંદનબેન ખૂબ રાજી થઈ ગયા.

એવામાં પૂ.. જમનાબેન વીંછીનું મકાન પડી ગયું એટલે જમનાબેન ચંદનબેનના ઘરે રહેવા આવ્યા. જમનાબેનના ગુરૂ પૂ.તારાબેન એટલે તારાબેન તેમને મળવા આવ્યા. ઈલાબેન પણ ત્યાં જ હતા. તારાબેનને જોયા ને તારાબેન ખૂબ ગમી ગયા. તારાબેનની દ્રષ્ટિ પડી. તારાબેનને ગુરૂપદે સ્વીકાર્યા. એમાં પ.પૂ.સોનાબાએ કહ્યું કે, 'ઈલા ! ચંદ્રી ને કલ્પુ તારા જેવા નાના જ છે એ ભગવાન ભજે છે તો તું પણ ભગવાન ભજ ને !' ને ઈલાબેને ભગવાન ભજવાનું નક્કી કર્યું. બાએ ભજન કરવાની આજ્ઞા આપી ને ૧૫ વર્ષના ઈલાબેનને કૃપામાં ૧૯૬૬માં પ્રથમ ૫૧ બહેનો સાથે કાષાંબરી દીક્ષા મળી. ભગવાન ભજવામાં ઉંમર નાની હતી પણ ખૂબ ભજન કર્યું. ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લઈ સુખી કરી દીધા.

જ્યોતમાં આવ્યા પછી રસોડું, સફાઈ, મંદિરની સેવા સાથે ખૂબ સુંદર અક્ષર હોવાથી પત્રલેખન તથા પ્રકાશનની સેવા કરતાં. સાથે સાથે રક્ષાબંધન વખતે આબાલવૃધ્ધ સૌને બહેનોએ હાથે બનાવેલી રાખડી મોકલવી તેવી પપ્પાજીની આજ્ઞાથી રાખડીની સેવા પણ જવાબદારીપૂર્વક કરતાં. શાકની ટુકડીમાં પણ ઘણાં વર્ષો સુધી સેવા કરી છે. સેવામાં ખૂબ જ સ્પષ્ટતા, ચોકસાઈ ને ચીવટાઈ. તેઓ જે રાખડી બનાવે તે એક જ સરખી હોય. ને બહેનો પાસે પણ એટલી જ ચોકસાઈ ને ચીવટાઈથી કરાવે. શાક સમારે તે પણ એક સરખું. ને સેવામાં ઝડપ તો એટલી કે ત્રણ બહેનની સેવા તે એકલા જ કરી લે. તેમની પાસે

પપ્પાજી અને સ્વરૂપોની સ્મૃતિઓનો ભંડાર છે જે તેમણે લેખનમાં વણી લીધી છે.

રાજકોટ જ્યોત શાખાની સ્થાપના થઈ પછી તારાબેનની આજ્ઞાથી વનીબેન ડઢાણિયા સાથે ૧૯૯૮થી પપ્પાજીના સિધ્ધાંતે સંપ, સુહ્રદભાવ, એકતાથી રહી સત્સંગનું કાર્ય કરી ગુરૂહરિ, ગુરૂ તથા સર્વે સ્વરૂપોની પ્રસન્નતાનું પાત્ર બન્યાં છે. ને અત્યારે તો વનીબેનનો જાણે જમણો હાથ બની ગયા છે. મુક્તો અને હરિભક્તો સાથે ખૂબ આત્મીયતાથી અને માહાત્મ્યથી રહે છે. ત્યાં રસબસ થઈ ગયા છે અને નાનામાં નાના મુક્તના સૂચનને પણ માન્ય કરી શકે. એક વખત તેમને જે કોઈ સેવા શીખવાની પ્રેરણા થાય તે શીખીને જ રહે.

સેવામાં સૂઝ ખૂબ જ છે. નિખાલસતા અને નિષ્કપટપણું તેમનો આગવો ગુણ છે. દેહમાં નાની મોટી બીમારી છે પણ દેહ ને દેહભાવ ગણ્યા વગર અહોહોભાવે મહિમાથી સેવામાં હોમાઈ ગયાં છે.

એવા ઈલાબેનને સહુ સાધકોના ભાવ વંદના!!!